www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Lang. Code : 06**

# ATA-19-I

**प्रश्न-पत्र I / PAPER I**

**गुजराती भाषा परिशिष्ट**

**Gujarati Language Supplement**

**भाग IV & V / PART IV & V**

परीक्षा पुस्तिका संकेत
Test Booklet Code

**A**

परीक्षा पुस्तिका संख्या
Test Booklet No.

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **A** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **A**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ____________________
Roll Number : in figures
: (शब्दों में) ____________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ____________________

A

www.prepp.in



**Lang. Code : 06**

# ATA-19-I

**પરીક્ષા પુસ્તિકા સંકેત**

**A**

**આ પુસ્તિકામાં 20 પાનાં છે.**

**પેપર I**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઇંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે A. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I – (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II – (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક : અંકોમાં ____________________

: શબ્દોમાં ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

www.prepp.in



Prepp Your Personal Exams Guide

**ભાગ-IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી** ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

www.prepp.in



## ભાગ – IV
## ભાષા – I
## ગુજરાતી

**સૂચના :** ભાગ – IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા – I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો ધ્યાનથી વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ આપો. (91-99)**

માનવની જિંદગી એટલે ખાટીમીઠી યાદોનો સથવારો છે અને વિવિધ સ્તબકમાં આ જીવન વર્ગીકૃત છે. એકનું વિલાવું અને બીજાનું ખીલવું, એકનું મરણ બીજાનો જન્મ - આવનજાવનના આ ક્રમ થકી આખી સૃષ્ટિ ચાલે છે. જીવનયાત્રાના ચાર તબક્કાઓ છે. બાળપણ ભણવામાં અને રમવામાં ક્યારે વીતી ગયું તેનો ખ્યાલ જ નથી રહેતો. યુવાનીનો તરવરાટ ખ્વાબોના મહેલમાંથી વાસ્તવિકતાના તાપ સાથે જવાબદારીની પૂર્તિમાં ગૂંગળાઈને વખતના વહેણમાં સરી જાય છે. પ્રૌઢાવસ્થા પરિપક્વ બની ધાર્યું કરી લેવાની કામના સાથે પૂરી થઈ જાય અને ઘડપણ વીતે મૃત્યુની આવનારી છાયામાં. પૂર્વતૈયારી સાથે વૃદ્ધાવસ્થા તો ધીરજ અને આવેલા પડકારને ઝીલીને, આવકારીને, સ્વીકારીને, ઈશ્વરની મરજી અનુસાર વ્યતીત કરવાની હોય છે. પોતાના સમગ્ર દુઃખ અને પીડાઓનું સંગોપન કરીને માણસે શેષ આયુષ્ય વિતાવવું જોઈએ એમ બધાં જ જ્ઞાનગ્રંથોમાં અને તમામ મહાપુરુષો દ્વારા સૂચવાયું છે. મનુષ્યની સ્વચેતનાનું પ્રગટન પ્રકાશ સાથે થતું હોય છે. માનવી તેમાં પોતાના અહમ્, સ્વાર્થ જેવા દુર્ગુણો ઠાંસીઠાંસીને પ્રકાશિત વાતાવરણને અંધકારમય બનાવી મૂકે છે.

માનવીની જન્મથી માંડીને મૃત્યુ સુધીની યાત્રા વિવિધ તબક્કામાંથી પસાર થતી હોય છે. બાળપણ, યુવાની, પ્રૌઢાવસ્થા અને ઘડપણ તેમાં મુખ્ય છે. ઘડપણ જિંદગીનો મૃત્યુ પહેલાંનો આખરી પડાવ છે. માણસે અંતિમ તબક્કામાં સ્વસ્થતા કેળવી, સંતોષી બની, હકારાત્મક વલણ અપનાવી, ઈશ્વર ઉપર આસ્થા રાખીને તેની મરજી સ્વીકારી, સંબંધીજનો માટે ભલાઈ કરી હોય તેની હવે ખુશી રાખી, વળતર વિનાની આનંદદાયી પળો અને સમયને હાસ્યથી હળવા બનીને જીવવું જરૂરી છે. ભારતની સંસ્કૃતિ તો સર્વનું ભલું ઈચ્છે છે. સર્વે ભવન્તુ સુખિનઃ જે વૃદ્ધત્વને પડકારીને જીવી જાણે છે તેનું જીવ્યું બીજા માટે પ્રેરણા બને છે.

**91. અવસાન પૂર્વેનો અંતિમ તબક્કો માનવ માટે કયો હોય છે ?**

(1) નિવૃત્તિ

(2) વાનપ્રસ્થ

(3) વાર્ધક્ય

(4) ઘરડાંઘર

92. 'અંતિમ' શબ્દનો વિરુદ્ધાર્થી નીચે પૈકી કયો હોઈ શકે ?

(1) આગોતરો

(2) પ્રારંભિક

(3) અસીમ

(4) પ્રમુખીય

93. માનવીની આધેડ વય કેવા પ્રકારે વ્યતીત થતી હોવાનું અહીં ઉલ્લેખાયું છે ?

(1) દુર્ગુણો ઠાંસીને

(2) અન્યોન્ય સંવાદમાં

(3) ઈશ્વરેચ્છા મુજબ જીવવામાં

(4) સ્વેચ્છા અનુસાર કરવાની મનીષામાં

94. શૈશવ કઈ રીતે પસાર થઈ જતું હોવાનું અનુભવાય છે ?

(1) અભ્યાસ અને ખેલકૂદમાં

(2) જવાબદારીઓમાં

(3) ગૂંગળાઈને

(4) પડકાર ઝીલતાં

95. વાર્ધક્ય કઈ રીતે પસાર કરવાની શીખ લેખાંતે નિર્દેશાઈ છે ?

(1) ઈશ્વર સ્મરણમાં

(2) વિધાયક વલણ રાખીને

(3) તબિયતનું ધ્યાન રાખીને

(4) પૌત્ર-પૌત્રીઓ સાથે

96. વાર્ધક્યનો સ્વીકાર કેવી રીતે કરવો જોઈએ ?

(1) હસીને

(2) રમીને

(3) વડીલોના કહ્યા મુજબ

(4) ધર્મને સમજીને

97. 'યાદોનો' શબ્દમાં કઈ વિભક્તિનો વિનિયોગ થયો છે ?

(1) પ્રથમા

(2) તૃતીયા

(3) ષષ્ઠિ

(4) સપ્તમી

98. જીવનક્રમ કેટલા તબક્કાઓમાં વહેંચાયેલું જોવા મળે છે ?

(1) ત્રણ

(2) ચાર

(3) પાંચ

(4) છ

99. 'સૃષ્ટિ' શબ્દનો પર્યાય તમારી દૃષ્ટિએ કયો હોઈ શકે ?

(1) વિષ્ટિ

(2) સર્જન

(3) વિશ્વ

(4) પાર્શ્વ

www.prepp.in



**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો : (100-105)**

'છે કો મારું અખિલ જગમાં ?' બૂમ મેં એક પાડી :
ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી,
દોડ્યો વ્હેળો વહનગીતમાં પ્રશ્ન મારો ડુબાવી,
ને આ બુઢ્ઢો વડ પણ નકારે જ માથું હલાવી.
સુણ્યા સાથે ગિરિય પડઘા પાડીને ફેંકી દેતો
બીજા પ્હાડો તણી કુહરમાં વેણ, હૈયે ન લેતો.
છેલ્લે પૂછ્યું રુધિરઝર આ પાણીપોચા હૈયાને :
'વ્હાલા, તું તો મુજ રહીશ ને ? છો જગે કો ન મારું.'
ને એ દંભી શરમ તજી કહે : 'તું ન માલેક મારો,
હું તારામાં વસું અવર કાજે.' – ખિજાયો, વિચાર્યું :
બીજાં કાજે વસતું મુજમાં ? તો મદર્થે બીજામાં
હૈયા વાસો નહિ શું વસતાં કે હશે સ્નેહભીના ?

100. કાવ્યનાયક અંતમાં કોને પ્રશ્ન પૂછે છે ?
(1) પાણીને
(2) રુધિરને
(3) ઝરણાંને
(4) હૃદયને

101. કાવ્યનાયકના પ્રશ્નનો ઉત્તર હૃદય શું આપે છે ?
(1) તું મારો માલિક છે.
(2) તું મારો માણેક છે.
(3) તું મારો માલિક નથી.
(4) તું મારું અભિમાન છે.

102. 'ગિરિ'નો પર્યાયવાચી શબ્દ કયો છે ?
(1) પર્વત
(2) વૃક્ષ
(3) ગહર
(4) ગડગડાટ

103. 'મુજ રહીશ ને' શબ્દોમાં વ્યાકરણની કઈ વિશિષ્ટતાનો વિનિયોગ થયો છે ?
(1) અલંકાર
(2) સંયોજક
(3) નિપાત
(4) દ્વિરુક્તિ

104. 'પાણીપોચા'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?
(1) પથ્થર
(2) કઠણ હાથ
(3) શુષ્ક
(4) પાતાળ

105. વડલો કાવ્યનાયકના પ્રશ્નની પ્રતિક્રિયા શું આપે છે ?
(1) માથું હલાવી ના કહે છે.
(2) માથું હલાવી હા કહે છે.
(3) પ્રશ્નનો પડઘો પાડે છે.
(4) પ્રશ્નને ગુફામાં ફેંકી દે છે.

106. માતૃભાષા આધારિત બહુભાષિતા કોને કહેવાય ?
(1) ફક્ત માતૃભાષા શીખવી તે
(2) માતૃભાષા દ્વારા જ શીખવું કે માતૃભાષાના માધ્યમથી શીખવું
(3) પહેલાં માતૃભાષા શીખવી અને ત્યારબાદ અન્ય ભાષાઓ ક્રમશઃ ઉમેરતાં જવી.
(4) ઘણી ભાષાઓ અને વિદેશી ભાષાઓને માતૃભાષા તરીકે જ શીખવી.

www.prepp.in



107. 'શાળામાં ભાષા' શિક્ષણનીતિ કયા નામથી ઓળખાય છે ?

(1) બહુભાષી શિક્ષણ

(2) શિક્ષણમાં ભાષા

(3) માતૃભાષા આધારિત બહુભાષિતા

(4) ત્રિભાષા ફોર્મ્યુલા

108. સમગ્ર ભાષા અભિગમ એટલે ...

(1) વિદ્યાર્થીઓ મૂળાક્ષરો, ધ્વનિઓ, શબ્દો, ફકરા અને વિશિષ્ટ વાક્યપ્રયોગો દ્વારા ભાષા શીખે છે એવી ધારણા.

(2) વિદ્યાર્થીઓ ભાષાના નાના ખંડો, ધ્વનિઓ અને અક્ષરો દ્વારા ભાષા શીખે છે એવી ધારણા.

(3) ભાષા શીખવાનો પ્રારંભ મૂળાક્ષરો અને અક્ષરો જેવા ભાષાના નાના એકમોથી થાય છે એવી ધારણા.

(4) બધી જ ભાષાઓ એકસરખી તરાહ કે પદ્ધતિથી શીખી શકાય છે એવી ધારણા.

109. ભાષાશિક્ષણનો કયો અભિગમ 'મેમરાઈઝેશન' (સ્મૃતિગમ્યતા)ને ભાષા શિક્ષણના એક પરિમાણ તરીકે ઓળખાવે છે ?

(1) રચનાગત અભિગમ (સ્ટ્રક્ચરલ એપ્રોચ)

(2) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ

(3) પ્રત્યાયનાત્મક અભિગમ (કમ્યુનિકેટિવ એપ્રોચ)

(4) સમગ્ર ભૌતિક પ્રતિભાવ (ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ)

110. કાવ્યા એક ભાષાશિક્ષિકા છે. કાવ્યા પોતાના વિદ્યાર્થીઓને વિવિધ થીમ/વિષય અંગેના શબ્દો શોધી કાઢવા માટે કહે છે અને શબ્દોની આગળ પાછળ પ્રયોજી શકાય એવા શબ્દોની યાદી પણ વિદ્યાર્થીઓને આપે છે. આ પદ્ધતિ કયા નામથી ઓળખાય છે ?

(1) સહોપસ્થિતિ

(2) વર્ડવેબ

(3) શબ્દરમત

(4) શબ્દ સંયોજના

111. એક શિક્ષિકા પોતાના વિદ્યાર્થીઓની ભાષાક્ષમતા ચકાસવા માટે એક પ્રશ્ન તૈયાર કરે છે. તેણી એક ફકરામાંથી પ્રત્યેક પાંચમો શબ્દ છોડી દે છે અને વિદ્યાર્થીઓને પૂછે છે કે આ છૂટી ગયેલો શબ્દ કયો હશે ? આ પરીક્ષા પ્રવિધિ (ટેસ્ટ ડિવાઈસ) કયા નામથી ઓળખાય છે ?

(1) ગદ્યખંડનું વાંચન

(2) શબ્દભંડોળ કસોટી

(3) ખાલી જગ્યા પૂરવી

(4) ક્લોઝ ટેસ્ટ

112. બોલતી વખતે સ્પષ્ટ અને સાચા ઉચ્ચારો સાથે યોગ્ય શબ્દો યોગ્ય ક્રમમાં પ્રયોજવાને શું કહેવાય ?

(1) બોડી લેંગ્વેજ – દેહભાષા

(2) બોલવાની વ્યવસ્થા (મિકેનિક્સ ઑફ સ્પીકીંગ)

(3) ભાષાનું કાર્ય (લેંગ્વેજ ફંક્શન)

(4) ભાષાનો પ્રયોગ (લેંગ્વેજ ઈન યુઝ)

113. અધ્યાપનશાસ્ત્રની એક પ્રયુક્તિ તરીકે વાર્તાકથા શેના માટે ઉપયોગમાં લેવાય છે ?

(1) શ્રવણપ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને વ્યસ્ત રાખવા માટે

(2) વિદ્યાર્થીઓના અભિવ્યક્તિકૌશલની અભિવૃદ્ધિ માટે

(3) ભાષા અને સાહિત્યિક કૌશલના વિકાસ માટે

(4) વર્ગખંડમાં શિસ્ત જાળવી રાખવા માટે

114. પૂર્વાપર સાથે વ્યાકરણનો ઉપયોગ એટલે ?

(1) મહાવરા અને વ્યાયામ દ્વારા વ્યાકરણ શીખવું.

(2) પહેલાં સંરચના (ભાષાની) શીખીને પછી એનો વ્યવહારમાં પ્રયોગ કરવો.

(3) પૂર્વાપર સંદર્ભ સાથે નૈસર્ગિક ભાષાના ઉદાહરણો દ્વારા વ્યાકરણ શીખવું.

(4) સુવ્યવસ્થિત પદ્ધતિ દ્વારા ભાષાની સંરચના શીખવી જેથી વિદ્યાર્થીનો તબક્કાવાર વિકાસ થઈ શકે.

115. નીચેનામાંથી કયુ અભ્યાસલેખન અથવા કૌશલ્યલેખન નથી ?

(1) વ્યાખ્યાન નોંધ તૈયાર કરવી

(2) વાંચન વેળા નોંધ કરવી

(3) સંક્ષેપ કે સારલેખન તૈયાર કરવું

(4) કોઈ એક કાર્યક્રમની કાર્યસૂચિ લખવી

116. પાઠ્યપુસ્તકના લેખકો-સંપાદકો હંમેશા પાઠ, કાવ્યો, કથાઓ અને અખબારો તેમજ સામયિકોમાંથી લીધેલાં લખાણોનો શા માટે પાઠ્યક્રમમાં સમાવેશ કરે છે ?

(1) કેમ કે એ લખાણો અધિકૃત અને નૈસર્ગિક ભાષામાં હોય છે.

(2) કેમ કે પાઠ્યપુસ્તકના લેખકોને આવા લખાણો ગમે છે.

(3) ભાષાના મહાવરા અને વ્યાયામ માટે એ ઉપયોગી છે.

(4) કેમ કે આવા લખાણો વાચનયોગ્ય હોય છે.

117. નીચેનું કાર્ય કયું છે ?

શિક્ષક એક પાઠનું વાંચન કરે અને વિદ્યાર્થી જૂથમાં વહેંચાઈ જઈને એમાંથી મુદ્દા લખે અને પછી આ પાઠનું પુનઃયોજન (રિકન્સ્ટ્રક્શન) કરે.

(1) શ્રુતલેખન (ડિક્ટેશન)

(2) વ્યાકરણ શ્રુતલેખન

(3) પુનઃલેખન કાર્ય

(4) પરસ્પર શ્રુતલેખન (મ્યુચ્યુઅલ ડિક્ટેશન)

118. પ્રથમ ભાષાનો વિકાસ સામાન્યતઃ કયા નામથી ઓળખાય છે ?

(1) શીખવું

(2) સંપાદન

(3) વિકાસ

(4) ઓળખવું (સંજ્ઞાન)

119. ધોરણ-1ની એક શિક્ષિકાના વર્ગખંડમાં વિવિધ માતૃભાષાવાળા વિદ્યાર્થીઓ છે. શિક્ષિકા વિદ્યાર્થીઓને દરરોજ પરસ્પર સાથે એકબીજાની ભાષાના શબ્દોની આપ-લે કરવાનું સૂચન કરે છે. વિદ્યાર્થીઓ દરરોજ વિવિધ ભાષાના શબ્દોથી પરિચિત થાય છે. આ શિક્ષિકાએ કઈ પદ્ધતિ અપનાવી કહેવાય ?

(1) સંસાધન તરીકે બહુભાષિતા

(2) બહુભાષાવિદતા

(3) વિવિધતાનો પદ્ધતિ તરીકે ઉપયોગ

(4) એકભાષિતા

120. નીચેનામાંથી કઈ પદ્ધતિ વિદ્યાર્થીઓને ભાષાથી પરિચિત કરાવવા માટે આદર્શ નથી ?

(1) જોડકણાં અને બાળગીતો દ્વારા

(2) શબ્દો અને ટૂંકા વાક્યોના પ્રયોગ દ્વારા

(3) કક્કો અને મૂળાક્ષરોના શિક્ષણ દ્વારા

(4) મૌખિક વાતચીત દ્વારા

www.prepp.in



Prepp Your Personal Exams Guide

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

## ભાગ – V
## ભાષા – II
## ગુજરાતી

**સૂચના :** ભાગ – V (પ્ર. 121 થી 150) ફક્ત ગુજરાતી ભાષા – II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો : (121-128).**

જિંદગીની કેટલીક ઘટનાઓ એવી હોય છે જે ક્યારેય ભૂલાતી નથી. થોડીક ઘટનાઓ એવી હોય છે જે યાદ આવે ત્યારે આંખોનાં ખૂણામાં ભીનાશ બાઝી જાય છે. આંખો ભીની હોય છતાં દિલને ટાઢક થાય એવી ઘટનાઓ જીવનની સાચી મૂડી હોય છે. જે ક્ષણની રાહ જોતાં હોઈએ એ ક્ષણ જ્યારે સામે આવી જાય ત્યારે સમય પણ એક અલૌકિક અવતાર ધારણ કરી લેતો હોય છે. આ ક્ષણ સાક્ષાત્કારની હોય છે. આ ક્ષણ ચમત્કાર જેવી હોય છે. ક્ષણ સુંદર બનાવવી હોય તો જે સારું બન્યું છે તેની યાદો જીવંત રાખો. એક સપનું કે એક સફળતા સાકાર થયા પછી તેનું પુનરાવર્તન થવું જોઈએ. તમે એકવાર સફળ થાવ તો સંતોષ ન માની લેવો. પહેલીવાર સફળતા મળે ત્યારે લોકો એવું માને છે કે તે નસીબદાર છે, તમે ખરેખર મહેનતુ હો તો સફળતા તમારી સાથે હસ્તધૂનન કરશે. મહેનત કરતા રહો કેમ કે હિમ્મતે મર્દા તો મદદે ખુદા. તમારી સફળતાનો આનંદ જ્યારે તમારી પ્રિય વ્યક્તિના ચહેરા પર ઝળકે ત્યારે એક અનુપમ દશ્ય ખડું થાય છે. તમે તમારી પ્રિય વ્યક્તિને ખુશ જોવા ઈચ્છો છો તો તમારી એ સફળતાને સાકાર કરો જેનું સપનું તમારી પ્રિય વ્યક્તિ તમારી માટે સેવે છે. ઘણી વખત આપણી પ્રેરણા જ આપણી પ્રિય વ્યક્તિની ઈચ્છા હોય છે. તમારા માટે કોઈએ સપનું સેવ્યું હોય તો માનજો કે તમે નસીબદાર છો, કારણ કે કોઈ વ્યક્તિ એવી ઘડીની રાહ જોતી હોય છે જ્યારે તમને જોઈને એને પોતાની જિંદગી સાર્થક લાગે.

કોઈના સપનાને પોતાનું સપનું બનાવી લેવાનું કામ સહેલું નથી પણ જો પ્રેમ હોય તો આવું સપનું અઘરું પણ લાગતું નથી. તમારા વર્તનથી છેલ્લે તમારી વ્યક્તિની આંખો ક્યારે ભીની થઈ હતી ? આપણે આપણી વ્યક્તિને રડાવવાનું જ જાણીએ છીએ પણ ક્યારેક આ રીતે પણ તેની આંખો ભીની થવા દો અને પછી જુઓ કે પ્રિય વ્યક્તિની આંખમાં બાઝેલી ભીનાશ તમને કેવી ટાઢક આપે છે.

**121. સફળતાની પ્રાપ્તિ પછી પણ શું થવું જરૂરી હોવાનું લેખક માને છે ?**

(1) વર્તન

(2) પ્રવર્તન

(3) ગેરવર્તન

(4) પુનરાવર્તન

122. આપણા પ્રીતિપાત્રની અપેક્ષા શું હોય છે ?

(1) આપણી અપેક્ષા

(2) આપણી નિરાશા

(3) આપણું સુખ

(4) આપણી સગવડ

123. અન્યના સપનાને પોતાનું સપનું બનાવવું ક્યારે સહેલું લાગે છે ?

(1) પ્રેરણા હોય તો

(2) પ્રેમ હોય તો

(3) ગમતું સપનું હોય તો

(4) અણગમતું સપનું હોય તો

124. 'હિમ્મતે મર્દા તો મદદે ખુદા' વાક્યને તમે શું કહેશો ?

(1) કહેવત

(2) રૂઢિપ્રયોગ

(3) વર્ણાનુપ્રાસ

(4) સમાસ

125. 'સાર્થક' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(1) નિરર્થક

(2) સાર્ધ

(3) પ્રવર્તક

(4) આવર્તન

126. 'સફળતા' શબ્દનો પર્યાયવાચી શબ્દ તમે નીચેનામાંથી કોને માનો છો ?

(1) કામિયાબી

(2) નિષ્ફળતા

(3) સાર્થકતા

(4) નિરર્થકતા

127. 'સપનાને' શબ્દમાં કઈ વિભક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે ?

(1) દ્વિતીયા

(2) તૃતીયા

(3) ષષ્ઠિ

(4) સપ્તમી

128. આંસુ આવવા છતાં હૃદયને ઠંડક આપતી ઘટનાને લેખક શું કહે છે ?

(1) આંખોની ભીનાશ

(2) ક્ષણની રાહત

(3) જીવનની રાહત

(4) જીવનની સંપત્તિ

www.prepp.in



**નીચેનો ફકરો ધ્યાનથી વાંચી તેની નીચેના પ્રશ્નોના જવાબ વિકલ્પમાંથી પસંદ કરીને આપો : (129-135)**

માણસ આખી જિંદગી સુખ અને શાંતિ માટે ફાંફાં મારતો હોય છે. બધું કર્યા પછી પણ સુખ અને શાંતિ મળે છે ખરાં ? ક્યારેક તો એવું પણ થતું હોય છે કે સુખ મેળવવા માટે આપણે આપણી શાંતિને દાવ પર લગાડી દેતા હોઈએ છીએ. શાંતિમાં આપણને સુખ મળતું નથી. સંપત્તિ, સાધનો અને સફળતાને આપણે સુખ સમજી લેતા હોઈએ છીએ. એ સુખ નથી. સુખનો એક ભાગ ચોક્કસ છે. સંપત્તિ, સાધનો, સગવડ કે સફળતા મળે પછી પણ જો સાચી શાંતિ અને ખરા સુખનો અનુભવ ન થાય તો બધું વ્યર્થ છે.

આપણા બધાની જિંદગીમાં એક એવી દોડ ચાલે છે જેનો કોઈ અંત જ નથી. જિંદગીનો છેડો આવી જાય ત્યાં સુધી ઘણી વખત સમજાતું જ નથી. જીવનના અંતે જો અફસોસ ન કરવો હોય તો દરરોજ તમારી જિંદગી જીવો. મૃત્યુથી સંતોષ એને જ હોય જે પોતાની જિંદગી ભરપૂર જીવ્યા હોય ! ભરપૂર જિંદગીનો અર્થ એ છે કે જ્યારે જે કરવાનું હોય એ દિલથી, પ્રામાણિકતાપૂર્વક અને પૂરી ધગશ સાથે કરવું. સરવાળે શાંતિનો અહેસાસ માણવો પડકારોને પણ ઝીલવા અને સંઘર્ષોને સહજતાથી સ્વીકારવા.

આપણા ઈરાદા નેક હોવા જોઈએ. અમુક સવાલોના જવાબ આપણે આપણી પાસેથી મેળવવાના હોય છે. એ જવાબો સાચા હોવા જોઈએ. જે માણસને પોતાની પાસેથી જ સાચા જવાબ મેળવતા આવડે છે એ ખોટા રસ્તે જવાથી બચી જાય છે. આપણે સાચા રસ્તા પર હોઈએ તો જ આપણને શાંતિની અનુભૂતિ થવાની છે. રાતે સૂતી વખતે દામન સાફ હોવું જોઈએ. ઊંઘ ઘણી વખત આપણને કહી દેતી હોય છે કે આપણામાં કેટલી શાંતિ છે ! શાંતિ માપવાનું કોઈ મશીન નથી હોતું. યોગ કરતી વખતે પણ ઘણા ઉચાટમાં હોય છે. કેટલાક લોકો વ્યસ્ત હોય છતાં પણ શાંતિમાં હોય છે. સહજતાથી શાંતિ મળે છે એ સાચો માણસ છે. પોતાની જાત સાથે જેને આનંદ આવતો નથી એ બીજા કોઈની સાથે સાચી મજા માણી ન શકે.

આપણી અંદર એક ઉકળાટ ચાલતો રહે છે. વાતે વાતે આપણને ધ્રાસકો પડે છે. અપેક્ષા રાખો એ પોતાના પાસેથી રાખો, બીજા પાસેથી નહીં, બાંધી મુઠ્ઠી લાખની રાખો તો જ તમને શાંતિ મળશે. શાંતિ અંદરથી જ આવવાની છે. બહારથી નહીં. આપણી અંદર જો શાંતિ હશે તો જ બહાર શાંતિ લાગવાની છે !

www.prepp.in



માણસ પંચમહાભૂતમાંથી બન્યો છે. અગ્નિ, વાયુ, આકાશ, જળ અને પૃથ્વીનાં તત્ત્વો આપણામાં જ છે. આ તત્ત્વો અંદરથી સજીવન રહે તો જ બહાર સાથે સહજ રહી શકે. જે બહાર છે તે જ આપણી અંદર છે. આપણી અંદર જ શાંતિનો એક ઉત્તમ માર્ગ છે. આપણે ઉચાટ, ઉત્પાત, ઉપાધિ, વલોપાત, ચિંતા અને ભયના માર્ગો ખુલ્લા રાખીએ છીએ એટલે જ શાંતિના માર્ગેથી આડા પાટે ચડી જઈએ છીએ ! મનુષ્ય સંવેદનશીલ પ્રાણી છે. સંવેદના શાંતિ આપે છે.

**129. સફળતાનો સ્વાદ મેળવ્યા પછી પણ શાના અનુભવને લેખક મહત્ત્વનો માને છે ?**

(1) સગવડના અનુભવને

(2) સુખના અનુભવને

(3) સંપત્તિના ભોગને

(4) સાધનોના ભોગને

**130. મનુષ્યના આશયો કેવા હોવા જોઈએ તેમ લેખક માને છે ?**

(1) પ્રામાણિક

(2) મજબૂત

(3) વ્યાવહારિક

(4) સામાજિક

**131. મનુષ્ય જો સ્વ પાસેથી ઉત્તર મેળવતા શીખે તો શાનાથી બચી શકે ?**

(1) યંત્રવતતાથી

(2) સહજતાથી

(3) નિર્ધનતાથી

(4) ગેરમાર્ગે જતાં

**132. 'બાંધી મુઠ્ઠી લાખની' એને તમે શું કહેશો ?**

(1) રૂઢિપ્રયોગ

(2) કહેવત

(3) નિપાત

(4) દ્વિરુક્તિ

**133. 'ઉત્તમ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ?**

(1) અગમ

(2) નિગમ

(3) અધમ

(4) નરાધમ

**134. 'ધ્રાસકો પડે છે' વાક્યમાં લેખકે શાનો પ્રયોગ કર્યો છે ?**

(1) સમાસ

(2) સંધિ

(3) રૂઢિપ્રયોગ

(4) કહેવત

www.prepp.in



135. સુખ મેળવવા માટે મનુષ્ય ક્યારેક શું જુગારમાં મૂકી દે છે ?

(1) સંપત્તિ

(2) સાધનો

(3) શાંતિ

(4) સફળતા

136. ભારતીય બંધારણની કલમ 343(2) શેનો ઉપયોગ કરવાની જોગવાઈ દર્શાવે છે ?

(1) હિન્દીનો રાજભાષા તરીકે ઉપયોગ કરવાની

(2) હિન્દીનો સહયોગી રાજભાષા તરીકે ઉપયોગ કરવાની

(3) રાજભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવાની

(4) સહયોગી રાજભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવાની

137. નીચેનામાંથી કયો 'ક્લાસિકલ ભાષા'નો માપદંડ નથી ?

(1) ભાષાનો કે એમાં લખાયેલા સાહિત્યનો 1500 થી 2000 વર્ષનો ઈતિહાસ હોવો જોઈએ.

(2) એ ભાષામાં કોઈ મહાકાવ્ય કે પ્રાચીન સાહિત્ય લખાયેલું હોવું જોઈએ.

(3) એ ભાષા અનુસૂચિમાં સામેલ ન હોવી જોઈએ.

(4) એ ભાષાની પોતાની સાહિત્યિક પરંપરા હોવી જોઈએ અને એ અન્ય ભાષા સમુદાયોમાંથી લીધેલી ન હોવી જોઈએ.

138. વિદ્યાર્થીના શ્રવણકૌશલનું આકલન શેના દ્વારા થઈ શકે ?

(1) એમની સાથેની નિયમિત પ્રેક્ટિસ અને મહાવરાથી

(2) એમને વાર્તા કહીને તથા ગદ્યખંડ આધારિત પ્રશ્નો પૂછીને

(3) ઈત્તર વાચનની વધુ તકો આપીને

(4) એમને પર્યટન માટે બહાર લઈ જઈને

139. વાચનના પ્રારંભિક તબક્કે શિક્ષકે શેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ ?

(1) ભાષાના મૂળાક્ષરો યાદ રાખવા ઉપર

(2) વાચનની પ્રવાહિતા પર

(3) વર્ણ અને ધ્વનિના અનુક્રમ ઉપર

(4) વાચનની ચોકસાઈ પર

140. શ્રવણ અને વાચન એટલે ?

(1) સ્વીકૃતિકૌશલ

(2) ઉત્પાદનકૌશલ

(3) રસપ્રદકૌશલ

(4) વિચારકૌશલ

www.prepp.in



141. શિક્ષક બાળલેખકોને એમની વ્યક્તિગત જરૂરિયાતના સંદર્ભે કઈ પદ્ધતિથી પ્રતિભાવ આપી શકે ?

(1) તેમણે કરેલી વ્યાકરણની ભૂલો વિશે વિસ્તૃત પ્રતિપોષણ (ફીડબૅક) આપીને

(2) એમના સારાં કામને બિરદાવીને તથા એમના કામનો ઉલ્લેખ ધરાવતી નોંધ આપીને

(3) તેમને ભૂલોની અવગણના કરવાની સલાહ આપીને

(4) વર્ગમાં તેમના સારા લેખન માટે એમને પુરસ્કૃત કરીને

142. ભાષા સંપાદિત કરવામાં અને ભાષા શીખવામાં મૂળભૂત તફાવત શું છે ?

(1) પ્રવાહિતા અને ચોક્સાઈ

(2) ભાષા અંગે માહિતગાર થવું

(3) ચોક્સાઈ અને ગતિ

(4) ગતિ અને ઉચ્ચારણ

143. માતૃભાષાનો એક સંસાધન તરીકે ઉપયોગ કરવા સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(1) એ વિદ્યાર્થીઓને શીખવામાં, વિચારવામાં અને પ્રત્યાયન કરવામાં મદદ કરે છે.

(2) વિદ્યાર્થીઓને અર્થઘટનની પ્રક્રિયામાં એ મદદ કરે છે અને વિધાયક ભૂમિકા નિભાવે છે.

(3) માતૃભાષા અધ્યાપનશાસ્ત્રને વધુ મોકળાશ આપે છે.

(4) એ બીજી ભાષા પરત્વે દુર્લક્ષ કરવામાં સહાયક બને છે.

144. પ્રાથમિક સ્તરે બાળકના ભાષા વિકાસ માટે નીચેનામાંથી શું સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે ?

(1) વ્યાકરણજ્ઞાન

(2) ભાષાસમૃદ્ધ વાતાવરણ

(3) પાઠ્યપુસ્તકની ભાષા

(4) બાળક (વિદ્યાર્થી)નું આકલન

145. પોર્ટફોલિયો એ શેનું ઉદાહરણ છે ?

(1) સ્વઆકલન

(2) શિક્ષકનું આકલન

(3) પોતાના અને શિક્ષક-બંનેના આકલનનું

(4) રાજ્ય શિક્ષણ બોર્ડના આકલનનું

www.prepp.in



**146. શબ્દવ્યૂહ કોયડો શું વધારવામાં મદદ કરે છે ?**

(1) શ્રવણકૌશલ

(2) લેખનકૌશલ

(3) શબ્દભંડોળ

(4) સાહિત્યિક અર્થ

**147. વક્તવ્ય પ્રવૃત્તિનું આકલન કરતી વખતે નીચેનામાંથી શું જરૂરી નથી ?**

(1) ધ્વનિ કે શબ્દોનું ઉચ્ચારણ

(2) યોગ્ય શબ્દોના પૂર્વાપરમાં ઉપયોગ

(3) શબ્દકોશ અને શબ્દાર્થકોશનો ઉપયોગ

(4) વક્તવ્યમાં સ્પષ્ટતા

**148. ભાષાના મૂળાક્ષરોને એના ધ્વનિ સાથે જોડીને વાચનપ્રવૃત્તિ થકી ભણાવવાની પદ્ધતિને શું કહેવાય છે ?**

(1) પ્રત્યક્ષ પદ્ધતિ (ડાયરેક્ટ મેથડ)

(2) ધ્વનિ પદ્ધતિ (ફોનિક મેથડ)

(3) સમગ્ર ભાષા (હોલ લેંગ્વેજ)

(4) આંશિક ભાષા (પાર્ટ લેંગ્વેજ)

**149. પાઠ્યપુસ્તકને અતિક્રમીને ભણાવવાનો અર્થ એ કે –**

(1) પાઠ્યપુસ્તક સિવાયની અતિરિક્ત શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ કરાવવી.

(2) પાઠ્યપુસ્તકની અવગણના અને તેનું અતિક્રમણ.

(3) જ્ઞાન પાઠ્યપુસ્તકકેન્દ્રી હોવું જોઈએ.

(4) પાઠ્યપુસ્તકને અતિક્રમીને વિદ્યાર્થીઓને વધારાનું ભારણ ન આપવું.

**150. વર્ગશિક્ષક ધો.-3ના વિદ્યાર્થીઓને એક એન્વેલપ બનાવવાની સૂચના આપે છે. વિદ્યાર્થીઓ આ સૂચનાનું પાલન કરે છે. ભાષાના વર્ગખંડમાં આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને કઈ રીતે મદદરૂપ થાય છે ?**

(1) લેખનકૌશલ વિકસાવવામાં

(2) જોડણીકૌશલ વિકસાવવામાં

(3) શ્રવણકૌશલ વિકસાવવામાં

(4) સર્જનાત્મકતા વિકસાવવામાં

રફકાર્ય માટે જગ્યા

www.prepp.in



રફકાર્ય માટે જગ્યા

www.prepp.in



**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એક્વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

www.prepp.in



**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/ rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/ Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***